મહત્તમ : ૨૭.૪ ડીગ્રી
લઘુતમ : ૧૧.૪ ડીગ્રી
ભેજ
સવારે ૬૭ ટકા ● સાંજે ૬૭ ટકા
ગાંધીનગર તાપમાન

શહેરના જુના સેકટરના વેપાર-ધંધામાં નિરસતા

ગાંધીનગર, તા.૧૩

એક સમયે ગાંધીનગર શહેર કર્મચારી નગરી તરીકે જાણીતું હતું. શહેરમાં સરકારી કચેરીઓ અને સરકારી કર્મચારીઓ વસવાટ કરતા હતા. તે સમયે સરકારી આવાસનો જમાનો હતો. અધિકારી-કર્મચારીઓ સરકારી આવાસમાં વસવાટ કરતા હતા. એક સમયે જુના સેકટરનો દબદબો હતો, જેથી વેપારીઓને પણ વેપાર-ધંધામાં તેજી જોવા મળતી હતી. જયારે હાલના સમયે જુના સેકટરમાં કેટલાક મકાનો ખાલીખમ છે તેમજ કેટલાક મકાનો ખંડેર સમાન બની ગયા છે. જેથી વસાહતીઓ ન હોવાથી જુના સેકટરના વેપારીઓને હાલના સમયે વેપારમાં નિરસતા જોવા મળી રહી છે તો બીજી તરફ કેટલાક વેપારીઓને ગુજરાન ચલાવવુ પણ મુશ્કેલીરુપ બન્યું છે.

સરકારી મકાનોની જાળવણી કે નિભાવણીના અભાવે ખંડેર સમાન બની ગયા છે. કેટલાક મકાનો તંત્ર દ્વારા તોડી પાડવામાં આવ્યા છે. જયારે હાલ જે મકાનો વધ્યા છે તે પણ ખાલી કરાવવામાં આવે છે. જેથી જુના સેકટરમાં સરકારી આવાસો નહીં રહેતા વસાહતીઓ પણ નહીવત જોવા મળે છે. જેથી જુના સેકટરોના વેપારીઓની માઠી દશા બેઠી છે. હજજારો રૂપીયાનો વેપાર કરતા વેપારીઓના ધંધા પર અસર પડી છે. નવા સેકટર ડેવલપ થતા નવા બજાર અસ્તિવમાં આવ્યા છે. સેકટર-૨૧, ૨૪ અને ૭ ને બાદ કરતા અન્ય સેકટરના વેપારીઓને રોજગાર જોઈએ તેટલો નહી મળી રહ્યો. જયારે હાલ શહેરમાં નવ વિકસીત ગાંધીનગરની પણ બોલબાલા છે. જુના સેકટરના રહીશો પણ ન્યું ગાંધીનગરમાં વસવાટ કરવાનું પસંદ કરી રહ્યા છે. તેવી સ્થિતમાં શહેરમાં ૩ મોટા મોલ બનતા નાના વેપારીઓ પ્રભાવિત થયા છે. સેકટરના વેપારીઓને વેપાર કરવાનું કપરુ બન્યું છે. વેપારમાં નુકશાની વેઠવાનો વારો આવે છે. જયારે એક સમયે ધમધમતા સેકટરના વેપારીઓની દુકાનોના વેપારીઓને આજે ગુજરાન ચલાવવુ પણ કેટલાક માટે મુશ્કેલીરુપ બન્યું છે. ત્યારે હવે જુના સેકટરોમાં સરકાર દ્વારા નવી ઈમારતો તૈયાર કરવામાં આવે અને વેપાર ધંધામાં પહેલા જેવી તેજી આવે તેની રાહ જોઈને વેપારીઓ બેઠા છે.

ગાંધીનગરના પાલજ ખાતેની આઈઆઈટી સંસ્થા દ્વારા તેમના સ્ટાફ સભ્યો વચ્ચે ઓફિસ પ્રોટોકોલ ઉપરાંત પણ તંદુરસ્ત સંબંધની સ્થાપના થાય તે હેતુથી એક દિવસીય પ્રવૃતિ આઉટ બાઉન્ડ ટ્રેનિંગ ''લીપ્સ એન્ડ બાઉન્ડસ્નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સામેલ થયેલા સહકર્મીઓએ ટીમ બિલ્ડીંગ અને એડવેન્ચર એક્ટિવીટીને સમૂહમાં માણી હતી.

નવી ડીરેકટરી સે-૨ ના પેન્શનર મિત્રો જોગ

ગાંધીનગર,તા.૧૩

ગાંધીનગર શહેર પેન્શનર સમાજના સેકટર-૨માં નિવાસ કરતા પેન્શનર મિત્રો એ નવી ડીરેકટરી પ્રસિધ્ધ થઈ ચુકી છે. જે નીચે દર્શાવેલ કાર્યવાહક સમિતિના સભ્યોનો સર્વપ્રથમ ફોન ઉપર સંપર્ક કરી નવી ડીરેકટરી મેળવી લેવા જણાવાયું છે. ડિરેકટરી મેળવવા માટે નિરંજન વોરા ૪-૧ સે-૨ એ, ટેલી. ૨૩૨ ૨૫૭૬૫, અમીધર જરદોશ ૧૪૫૯-૨ સે-૨ બી મો.૭૪૩૪૮ ૨૯૪૯૭, લાલભાઈ દેસાઈ ૧૪૨૪-૨ સે-૨ બી મો.૯૪૨૮૬ ૦૮૩૬૨, જીતેન્દ્ર પુરોહીત ૪૮૬-૧ સે-૨ બી ટેલી. ૨૩૨ ૪૪૯૪૯, મંગળભાઈ ચૌહાણ પ્લોટ નં.૯૬૨ સે-૨ સી મો. ૯૪૨૭૪ ૦૮૮૫૬, ડી.પી.સંઘાણી પ્લોટ નં ૧૭૧૨-૧ સે-૨ ડી મો. ૮૧૪૦૮ ૫૪૦૦૦ નો સંપર્ક કરવાનો રહેશે તેમ કાર્યવાહક સમિતિના સભ્ય નિરંજન વોરાએ જણાવ્યું છે.

વાડજમાંથી બાઈક ચોરી કરનાર શખ્સ ગાંધીનગરથી પકડાયો

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર એલસીબીની ટીમે ગઈકાલે ઘ-૨ સર્કલ થી ચ-૨ સર્કલ તરફ જતા માર્ગ પરથી ચોરીના બાઈક સાથે એક શખ્સને દબોચી લીધો હતો. આ શખ્સે ત્રણેક મહિના પહેલાં જ વાડજ નજીકથી આ બાઈક ચોરી કરી હોવાની કબુલાત કરી છે. ચોરીનું બાઈક રિકવર કરી ને ગાંધીનગર એસીબીની ટીમે આરોપીની ધરપકડ કરી આ આરોપી અગાઉ કોઈ ગુનામાં સંડોવાયેલો છે કે કેમ તે સહિતની ઊંડી તપાસ શરૂ કરી છે.

ગાંધીનગર એલસીબી પીઆઈ તરલ ભટ્ટ ની ટીમ વાહન ચોર પકડવા સક્રિય થઈ

ગાંધીનગર શહેર વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન કોન્સ્ટેબલ ભવાનસિંહને બાતમી મળી હતી કે શહેરના ઘ-૨ સર્કલથી ચ-૨ સર્કલ તરફ ધોળાકુવા નો એક શખ્સ ચોરીના બાઈક સાથે જઈ રહ્યો છે. આ બાતમીના આધારે એલસીબીની એક ટીમ આ સ્થળે વોચ પર ગોઠવાઈ ગઈ હતી અને ચ-૨ સર્કલ પહેલાં મૂળ જુના વાડજમાં રહેતા અને હાલ ધોળાકુવા ખાતે રહેતા હરપ્રિતસિંઘ ભૂપેન્દ્રસિંઘ અઠવાલ (સરદાર) ને ચોરીના હોન્ડા ટ્વિસ્ટર બાઈક નંબર જીજે ૦૧ એન કે ૮૯૦૪ સાથે પકડી પાડવામાં આવ્યો હતો. ચોરીના બાઈક સાથે આરોપીની ધરપકડ કરીને પૂછપરછ કરવામાં આવતાં તેણે કબૂલાત કરી છે કે આજથી ત્રણેક માસ અગાઉ તેણે વાડજ શંભુપાર્ક સોસાયટી આગળના રોડ ઉપરથી રાત્રિ દરમિયાન આ બાઈકની ચોરી કરી હતી. જે આધારે એલસીબીની ટીમે રેકર્ડ પર ખાતરી કરતાં વાડજ પોલીસ સ્ટેશનમાં આ બાઈકની ચોરી મામલે ગુનો દાખલ થયેલ હોવાનું જાણવા મળ્યું હતું. ચોરી નું બાઈક રિકવર કરી ને એલસીબીની ટીમે પકડાયેલા આરોપીની ધરપકડ કરીને સઘન પૂછતાછ શરૂ કરી છે.

સે. ૨૪ જૈન દેરાસર ખાતે મણિભદ્ર દાદાની પૂજા યોજાઈ

ગાંધીનગર સર્વ પ્રથમવાર સેક્ટર-૨૪ના જૈન દેરાસર ખાતે તપાગચ્છ અધિષ્ઠાપક દેવ મણિભદ્રવીર દાદાના પૂજનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પૂજામાં શહેરના સકળ જૈન શ્વેતાંબર સંઘે ઉમળકાભેર ભાગ લઈ પૂજન કર્યું હતું.

સેક્ટર-૨૪માં જૈન દેરાસર ખાતે મણિભદ્રવીર દાદાની સ્થાપનાને દસ વર્ષ પૂર્ણ થવા પામ્યાં છે. આ પ્રસંગે આ વિશેષ પૂજા-હવનનું આયોજન કરવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે મણિભદ્રવીર જૈન તથા અજૈન શ્રદ્ધાળુઓ પણ માને છે. પૂર્વ જન્મમાં તેઓ માણેકચંદ નામના વણિક શેઠ હતા જેમણે શૈત્રુંજય ખાતેના પાલિતાણા તિર્થની ચાલતા યાત્રા કરવાના સંઘનું આયોજન કર્યુ હતુ પરંતુ રસ્તામાં ચોર-ડાકુઓનો હુમલો થતા તેમનો સામનો કરતા વીરગતિ પામ્યાં હતા. તેમની વીરગાથારૂપે જ્યાં તેમના શરીરના ત્રણેય ટુકડા માથુ, ધડ અને પગ પડ્યાં ત્યાં તેમના તિર્થસ્થાનો બન્યાં છે જે અનુક્રમે ઉજ્જૈન, આગલોડ અને મગરવાડા ખાતે આવેલા છે. જૈન શ્રદ્ધાળુઓ દ્વારા મણિભદ્રવીર દાદાની જન્મતિથી આસો સુદ-૫ પણ ઉજવવામાં આવે છે. જેમની જીવનની એક જ ખેવના હતી કે શૈત્રુંજય ખાતે આદિનાથ ભગવાનની પદયાત્રા કરી પૂજા કરવી. સે. ૨૪ ખાતે જૈન દેરાસરમાં સ્થાપિત મણિભદ્ર દાદાની પૂજામાં મોટી સંખ્યામાં જૈન શ્રદ્ધાળુઓ જોડાયા હતા.

અદાણી શાંતિગ્રામ પાસેથી દેશી દારૂના જથ્થા સાથે બે ઝડપાયા

કોલવડામાં મહિલા બુટલેગરના ઘરે દરોડો પાડી પેથાપુર પોલીસે દેશી દારૂ પકડયો

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર જિલ્લા પોલીસ અધિક્ષકની સૂચનાથી જિલ્લામાં દારૂ-જુગારની પ્રવૃત્તિઓ નાબૂદ કરવા પોલીસ સક્રિય થઈ છે ત્યારે ગઈકાલે બે અલગ અલગ સ્થળોએથી દેશી દારૂનો જથ્થો પકડાયો હતો. ગાંધીનગર એલસીબીની ટીમે અદાણી શાંતિગ્રામ પાસેથી દેશી દારૂની ખેપ મારી રહેલા બે અમદાવાદી ખેપિયાઓને સ્કૂટરમાં દેશી દારૂની હેરાફેરી કરતા દબોચી લીધા હતા. તો બીજી તરફ પેથાપુર પોલીસે બાતમીના આધારે કોલવડા ગામમાં દરોડો પાડી મહિલા બુટલેગરના ઘરની પાછળ સંતાડેલી દેશી દારૂની પોટલીઓ પકડી પાડી હતી.

ગાંધીનગર એલસીબીની ટીમ ગઈ કાલે અડાલજ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન પોલીસ કોન્સ્ટેબલ દિગ્વિજયસિંહને બાતમી મળી હતી કે, સફેદ કલરના એવીએટરમાં દેશી દારૂ ભરી બે શખ્સો કેનાલ થઈ અદાણી શાંતિગ્રામ પાસેથી પસાર થવાના છે. બાતમીના આધારે એલસીબીની ટીમે વોચ ગોઠવી બપોરે એક વાગ્યાના સુમારે એવિએટર પર આવેલા બે ખેપિયાઓને ઝડપી લીધા હતા. અમદાવાદના છારાનગરમાં રહેતા ૨૦ વર્ષિય શ્રવણ બાબુ રાવળ અને રાણીપ બકરામંડીમાં રહેતા ધરમ ગોવિંદ ચાવડાને પોલીસે રૂ.૧૨૦૦ કિંમતનો ૬૦ લીટર દેશી દારૂ અને ૨૦ હજારની કિંમતનું એવિએટર મળી કુલ રૂ.૨૧,૨૦૦ના મુદ્દામાલ સાથે બંનેની ધરપકડ કરી લીધી છે. બંનેની પુછતાછ કરતા બહાર આવ્યુ છે કે તેઓ આ દારૂ કલોલ ખાતે રહેતાં રમણકાકા પાસેથી લાવીને છારાનગરમાં રહેતાં સુનિલ અશોક છારાને આપવાના હતા. અડાલજ પોલીસ સ્ટેશનમાં ચારેય વિરૂદ્ધ ગુનો નોંધવામાં આવ્યો છે અને રમણકાકા અને સુનિલ છારાને ઝડપી લેવા ચક્રો ગતિમાન કરાયા છે.

તો બીજી તરફ કોલવડા ગામે મહિલા બુટલેગરના ઘર પાસેથી પોલીસે ૫ લીટર દેશી દારૂ જપ્ત કર્યો છે. પેથાપુર પોલીસની ટીમે બાતમીના આધારે કોલવડા ગામમાં નિશાળવાળા વાસમાં રહેતા શારદાબેન કચરાજી ઠાકોરના ઘરે રેડ કરી હતી. મકાનની પાછળના ભાગે સંતાડેલો ૫ લીટર દેશી દારૂ મળી આવતા પોલીસે દારૂ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. મહિલા શારદાબેન ઘરે મળી ન આવતા તેણીને ઝડપી લેવા પેથાપુર પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે.

સિવિલનો રેડીયોલોજી વિભાગ માત્ર બે ડોકટરથી ચાલે છે

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં રેડીયોલોજી વિભાગ માત્ર બે ડોકટરથી ચાલે છે. સિવિલમાં તમામ વિભાગના ડોક્ટરની અછત સર્જાય છે તેમા ખાસ કરીને રેડીયોલોજીમાં વિભાગમાં સૌથી વધુ ઉણપ વર્તાય છે. ગાંધીનગર સિવિલ ૩૦૦ બેડની હતી ત્યારે પણ માત્ર બે જ રેડીયોલોજી ડોકટર સેવા બજાવતા હતા. જયારે હાલ ૬૦૦ બેડની હોસ્પિટલ હોવા છતા માત્ર ૨ રેડીયોલોજી સેવા બજાવે છે. બાકી રેડીયોલોજી વિભાગ જુનિયર તેમજ સિનિયર ડોકટર્સ દ્વારા ચાલે છે. જયારે ૩૦૦ બેડની સિવિલ હતી ત્યારે ઓપીડી અને ઈન્ડોર દર્દીની સંખ્યા તો બીજીતરફ ૬૦૦ બેડની થયા બાદ ઓપીડી અને ઈન્ડોર દર્દીઓની સંખ્યામાં બમણો વધારો થયો હોવા છતા માત્ર બે રેડીયોલોજી ડોકટર્સ ફરજ બજાવી રહ્યા છે. ત્યારે સમગ્ર ગુજરાતમાં રેડીયોલોજી ડોકટરની અછત જણાય છે. જયારે સરકારી નોકરી કરતા પ્રાઈવેટ રેડીયોલોજી વિભાગના ડોકટર્સનો પગાર વધુ હોય છે. ગણતરીના કલાકોની નોકરી હોય છે. જેથી તેઓ ખાનગીમાં કામ કરવાનું પસંદ કરે છે. જયારે રેડીયોલોજી ડોકટરને સરકારી સિવિલ હોવાથી દર્દીઓના સગાઓ સાથે ચકમક ઝરતી હોય છે અને નોકરીનો સમય પણ વધુ હોય છે. જેને પગલે રેડીયોલોજી ડોક્ટર સરકારી સિવિલમાં ફરજ બજાવવા માટે આવતા નથી અને પ્રાઈવેટ હોસ્પિટલમાં સેવા આપે છે. જયારે ૬૦૦ બેડની હોસ્પિટલ હોવા છતા હાલના સમયે સિવિલમાં માત્ર બે જ ડોક્ટર હોવાથી એક ડોકટર રજા પર જાય ત્યારે બીજા ડોક્ટરના શીરે ૨૪ કલાકની નોકરીની જવાબદારી આવે છે. રેડીયોલોજીમાં આસીસ્ટન્ટ કે એસોસિએટેડ ડોકટરના સ્થાને જુનિયર અને સિનિયર ડોકટરના હવાલે રેડીયોલોજી વિભાગ હોય છે. જયારે રેડીયોલોજી વિભાગમાં લાંબી લાઈનો લાગેલી હોય છે. ત્યારે આરોગ્ય વિભાગ તંત્ર દ્વારા ગાંધીનગર સિવિલમાં રેડીયોલોજી વિભાગના ડોકટરની ઘટ પુરવામાં આવે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.ઉલ્લેખનીય છે કે તાજેતરમાં જીએમઈઆરએસ દ્વારા વિવિધ મેડીકલ કોલેજમાં ડોકટરની બદલી કરવામાં આવી છે તેમાં ગાંધીનગર સિવિલનો પણ સમાવેશ થાય છે. જેથી સિવિલમાં તબિબોની અછત જોવા મળે છે.

શનિવારે શિવરંજનીની 'મહેફિલે માસ'નું આયોજન

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગરમાં કલા તથા સંગીતને પ્રોત્સાહન આપતી સંસ્થા 'શિવરંજની' દ્વારા ગુજરાત રાજય સંગીત નાટક અકાદમીના સહયોગથી આગામી તા. ૧૫મી ડિસેમ્બરે હિન્દી-ગુજરાતી ગઝલો તથા સૂફી રચનાઓના વિશિષ્ટ કાર્યક્રમ 'મહેફિલે ખાસ'નું ટાઉનહોલ ખાતે રાત્રે ૯.૩૦ કલાકે આયોજન કરવામાં આવ્યું છે.

શિવરંજની સંસ્થા દ્વારા સંસ્થાના સભ્યો માટે શહેરમાં સંગીતને લગતા શિષ્ટ અને વિશિષ્ટ કાર્યક્રમો યોજવામાં આવે છે. સંસ્થાની આ પરંપરામાં આ વખતે તા.૧૫મી ડિસેમ્બર શનિવારના રોજ વર્ષ ૨૦૧૮-૧૯ના ચોથા કાર્યક્રમ તરીકે હિન્દી ગુજરાતી ગઝલો તથા સૂફી રચનાઓના વિશિષ્ટ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. સમાજમાં ગઝલોને માણનાર વિશિષ્ટ વર્ગ હોય છે અને જેના કારણે ગઝલોનો સમાજ પર વિશેષ પ્રભાવ પણ છે. શિવરંજની આયોજિત 'મહેફિલે ખાસ'માં કલાકારો ડૉ. મિતાલી નાગ અને તેજસ ધોળકીયા ગઝલો-સૂફી રચનાઓ પ્રસ્તુત કરશે. કાર્યક્રમમાં સંગીત સંચાલન મયુરભાઈ દવેનું છે જયારે કાર્યક્રમનું સંચાલન પરિશિ વર્મા કરશે. શિવરંજનીના કાર્યક્રમ ''મહેફિલે ખાસમાં સંસ્થાના સભ્યો સહિત ગાંધીનગરના કલાસંગીત રસિકજનોને કાર્યક્રમ માણવા સંસ્થા દ્વારા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

શહેરમાં ક્રિસમસ અને થર્ટી ફર્સ્ટની ઈવેન્ટસના આયોજનોનો ધમધમાટ

શૈક્ષણિક અને સામાજિક સંસ્થાઓથી માંડીને ખાનગી આયોજનો હાથ ધરાયા : ક્રિસમસ કાર્નિવલ, ડીજે ડાન્સ પાર્ટી, ચેરિટી ઈવેન્ટસ, શોપીંગ મેલા, ફનફેર, ફૂડ ફિએસ્ટા જેવા આયોજનોની ભરમાર

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગરમાં આગામી નાતાલ અને 'થર્ટી ફર્સ્ટ'ને અનુલક્ષીને શહેરની સંસ્થાઓ તથા શૈક્ષણિક સંકુલો ખાતે વિવિધ કાર્યક્રમોના આયોજનો હાથ ધરવામાં આવી રહ્યા છે. આ કાર્યક્રમોમાં ક્રિસમસ કાર્નિવલ, શોપીંગ મેલા, ફનફેર, ફૂડ ફેસ્ટિવલ અને ડાન્સ પાર્ટી વગેરેનો સમાવેશ થાય છે. આ સાથે શહેરમાં સામાજીક તથા સેવાકીય પ્રવૃત્તિઓ કરતી સંસ્થાઓ દ્વારા પણ ચેરિટી ઈવેન્ટના આયોજન હાથ ધરવામાં આવ્યા છે.

શહેરમાં શૈક્ષણિક સંસ્થાઓમાં નાતાલની ઉજવણીના આયોજન કરવામાં આવતા હોય છે તેમજ છેલ્લા કેટલાક વર્ષથી ગુજરાતી-અંગ્રેજી માધ્યમની ખાનગી શાળાઓ દ્વારા નાતાલ પર્વના રજાઓના દિવસોમાં સાયન્સ એક્ઝિબીશન કે ક્રિસમસ કાર્નિવલ જેવા આયોજન પણ કરવામાં આવે છે. વળી શિયાળાનો સમય હોવાથી કેટલીક શાળાઓમાં ફૂડ ફિએસ્ટા કે કેન્ટિન ડે જેવી ઉજવણી પણ કરવામાં આવે છે.

ચેરિટી કાર્યક્રમો માટે વૃધ્ધાશ્રમોથી માંડીને દિવ્યાંગ બાળકોની સંસ્થાઓનું એડવાન્સ બુકિંગ

શહેરમાં વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓ તેમજ શૈક્ષણિક સંસ્થાના એનએસએસથી માંડીને અન્ય સેવાકીય પ્રવૃત્તિ કરતા યુનિટસ દ્વારા દિવ્યાંગ બાળકો, વૃધ્ધાશ્રમના વૃધ્ધો, પ્રજ્ઞા ચક્ષુ કે સ્પેશિયલ બાળકો અથવા અનાથ બાળકો વગેરે સાથે 'થર્ટી ફર્સ્ટ' ઉજવવાનો ટ્રેન્ડ પણ કેટલાક વર્ષથી જોવા મળી રહ્યો છે. વળી, કેટલીક સામાજિક સંસ્થાઓ દ્વારા આ વર્ગને જમાડવાના પણ આયોજન કરવામાં આવે છે. જે માટે અત્યારથી દિવ્યાંગ પ્રજ્ઞાચક્ષુ , સ્પેશિયલ અથવા અનાથ બાળકોની સંસ્થાઓ કે વૃધ્ધાશ્રમોમાં 'બુકિંગ' કરાવવાનું શરુ થઈ ગયું છે.

આ પ્રકારના આયોજનો માટે શાળા સંચાલકોએ અત્યારથી કમર કસવા માંડી છે અને વિદ્યાર્થીઓને પોતાના આયોજન અનુસાર પ્રોજેકટસ તૈયાર કરવા જૂથ બનાવી હોમવર્ક પણ સોંપી દેવામાં આવ્યું છે. આ સાથે કેટલીક શાળાઓમાં નાતાલનું પર્વ પણ ઉજવાતું હોય છે જેની પણ તૈયારીઓ શરુ કરી દેવામાં આવી છે કારણ કે આ પર્વની ઉજવણી શાળામાં ક્રિસમસ વેકેશન પડે તે પહેલા કરી દેવામાં આવતી હોય છે.

શહેરમાં થર્ટી ફર્સ્ટની ઉજવણી માટે પણ વિવિધ ખાનગી આયોજકો તથા સામાજિક અને સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા પણ અનેકવિધ પ્રકારના આયોજન કરવામાં આવે છે જેમાં ડીજે ડાન્સ પાર્ટીથી માંડીને ચેરિટી ઈવેન્ટસનો સમાવેશ થાય છે. ખાનગી આયોજકો દ્વારા હાલ થર્ટી ફર્સ્ટની ડાન્સ પાર્ટીના આયોજન માટે વિવિધ કક્ષાએ લેવાની મંજૂરી માટેની પ્રક્રિયાથી માંડીને સ્પોન્સર્સ મેળવવાની કવાયત તેજ કરી દેવામાં આવી છે. આ સાથે ઈવેન્ટમાં કયા સેલિબ્રીટીને બોલાવવો તે માટે વિચારણા સાથે તેમની તારીખ બુક કરવા સુધીની દોડધામ પણ કરવામાં આવી રહી છે. શહેરની સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા પણ દિવ્યાંગોને ભોજન કરાવવું, વૃધ્ધાશ્રમમાં થર્ટી ફર્સ્ટ ઉજવવી, ગરીબ કે અનાથ વર્ગના બાળકો માટે ડાન્સ પાર્ટીથી માંડીન ટેલેન્ટ શો કે લાઈવ ગરબા કરવા સુધીના આયોજનો હાથ ધરાયા છે. જે માટે પણ તૈયારીઓ કરવામાં આવી રહી છે.

ચિરવિદાય

- સ્વ. ઠકકર ડાહ્યાલાલ ઉમેદરામ, ઉ.વ. ૭૦
- સ્વ. ભટ્ટ પ્રાણલાલ કેશવલાલ, ઉ.વ. ૮૬